### અકસ્માતોના કારણે થોડા સમય માટે વાહનવ્યવહારને અસર પહોંચી

# શિનોર પંથકમાં બે અલગ-અલગ અકસ્માતોની ઘટના: વાહનોને નુકશાન

**સદનસીબે બંને** અકસ્માતમાં વાહનચાલકોનો આબાદ બચાવ





(પ્રતિનિધિ) શિનોર, તા.5

વડોદરા જિલ્લાના શિનોર તાલુકોમાં આજે સવારે બે અલગ-અલગ સ્થળે માર્ગ અકસ્માતોની ઘટના સામે આવી હતી. બંને અકસ્માતોમાં વાહનચાલકોને કોઈ ગંભીર ઈજા પહોંચી નથી, પરંતુ વાહનોને ભારે નુકસાન થવાથી ચકચાર મચી ગઈ હતી.

પ્રથમ અકસ્માત શિનોરના માલપુર પ્રાથમિક શાળા નજીક આવેલા વળાંક પાસે થયો હતો. અહીં એક કાર અચાનક નિયંત્રણ ગુમાવી રોડ પરથી નીચે ઉતરી જતા અકસ્માત સર્જાયો હતો. કાર ચાલકનો સદનસીબે આબાદ બચાવ થયો હતો, જોકે કારને મોટું નુકસાન પહોંચ્યું હોવાનું જાણવા મળ્યું છે.

બીજો અકસ્માત છાણભોઈ બસ સ્ટેન્ડ નજીક આવેલા વળાંક પાસે સર્જાયો હતો. કરજણ તરફથી રોલ ભરીને જઈ રહેલી એક આઈશર ગાડી રોડ પરની રેલિંગ તોડી પલટી મારી ગઈ હતી. આ ઘટનામાં પણ ગાડી ચાલકને કોઈ ઈજા પહોંચી નથી, પરંતુ વાહનને ભારે નુકસાન થયું હતું. બંને અકસ્માતોની જાણ થતાં જ ઘટના સ્થળે લોકોનું ટોળું ઉમટી પડ્યું હતું. અકસ્માતોના કારણે થોડા સમય માટે વાહનવ્યવહારને અસર પહોંચી હતી. સ્થાનિકોએ વળાંકવાળા માર્ગો પર વાહનચાલકોને વધુ સાવચેત રહેવાની અપીલ કરી છે.

# રવાલ ક્રોસિંગ નજીક ટ્રેલર ટ્રકને અથડાયેલી સિટી બસ કાંસમાં ખાબકી

**આજવા-નિમેટા** રોડ પર ગંભીર અકસ્માત, એક મહિલાનું મોત



(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.5

આજવા-નિમેટા રોડ પર રવાલ ક્રોસિંગ પાસે આજે બપોરે ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. રસુલાબાદ તરફના વળાંક પાસે ઓપન હેવી ટેલર ટ્રક વળાંક લઈ રહી હતી તે સમયે પાછળથી પુરપાટ ઝડપે આવી રહેલી સિટી (વિટકોષ) બસે ટેલરના પાછળના ભાગે જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતના કારણે બસનો ડ્રાઈવર કાબૂ ગુમાવતા બસ રોડની બાજુ આવેલી વરસાદી કાંસમાં ઉતરી પડી હતી.

બપોરે અંદાજે સવા ત્રણ વાગ્યાની આસપાસ વડોદરાથી આજવા તરફ જઈ રહેલી સિટી બસમાં આશરે 15 જેટલા મુસાફરો સવાર હતા. અકસ્માત થતાં જ બસમાં બેઠેલા મુસાફરોની ચીસાચીસ મચી ગઈ હતી. આ ઘટનામાં પાંચથી સાત મુસાફરોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી.

અકસ્માત દરમિયાન ડ્રાઈવર સીટ નજીક બેઠેલી એક વૃદ્ધ મહિલાને મોઢા અને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા તેનું મોઢું ચૂંથાઈ ગયું હતું અને ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. મૃતક મહિલાની ઓળખ વાઘોડિયાના જુના રામપુરા વિસ્તારમાં રહેતા ચંપાબેન મહેશભાઈ વસાવા તરીકે કરવામાં આવી છે.

ઘટનાની જાણ થતાં જ રાહદારીઓએ તાત્કાલિક વાઘોડિયા પોલીસ અને 108 ઈમરજન્સી સેવાને જાણ કરી હતી. થોડી જ વારમાં ઘટના સ્થળે 108 એમ્બ્યુલન્સની સાયરન ગુંજી ઊઠી હતી. ઘાયલ મુસાફરોને સારવાર માટે એસએસજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યારે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યો હતો.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

## ગતિવિધિ

### જબુગામ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે 30 જેટલી કુટુંબ નિયોજનની સર્જરી કરાઈ



**બોડેલી ।** છોટાઉદેપુર જિલ્લામાં આવેલ જબુગામ સામૂહિક આરોગ્ય કેન્દ્ર એન રેફરલ હોસ્પિટલ ખાતે આજરોજ બોડેલી તાલુકા હેલ્થ ઓફિસ દ્વારા જબુગામ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં કુટુંબ નિયોજનના કુલ 30 કેસ લેવામાં આવ્યા હતાં જેમાં લેપ્રોસ્કોપી દ્વારા 30 જેટલી મહિલાઓને ટાકા વગરની કુટુંબ નિયોજન ની સર્જરી કરવામાં આવી છોટાઉદેપુર જિલ્લા હેલ્થ ઓફિસર ના આદેશ અનુસાર સાત દિવસમાં કોઈ એક જ વારે તાલુકા આરોગ્યની ટીમ દ્વારા તથા આશા વર્કર બહેનો દ્વારા અલગ અલગ ગામોમાંથી કુટુંબ નિયોજન ના કેસ એકત્રિત કરી એક જ દિવસમાં સર્જન ડોક્ટર ને બોલાવી અને આ રીતની કામગીરી કરવા માટે જણાવવામાં આવેલ છે એ જ અનુસંધાને આજરોજ જબુગામ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે આરોગ્ય વિભાગની ટીમ દ્વારા આ કામગીરી કરવામાં આવી હતી.

### હાલોલમાં આવેલ હજરત ગેબનશાહ બાબાના ઉર્ષની ઉજવણી



**હાલોલ ।** હાલોલ શહેરના એમ.એસ. હાઇસ્કુલની સામે આવેલ હજરત ગેબનશાહ બાબાના ઉર્ષની ઉજવણી તા.4 જાન્યુઆરી રવિવારના રોજ પરંપરાગત અને ધાર્મિક વાતાવરણમાં કરવામાં આવી હતી.જ્યારે આ ઉર્ષની ઉજવણીને લઇને દરગાહ ખાતે જીક્રશરીફ, મિલાદ શરીફ નો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. જ્યારે આ ઉર્સને લઈ વડોદરાના ખાનકાહે એહલે સુન્નતના સજ્જાદા નશીન સૈયદ તાજુદ્દિન બાબા કાદરી ઉપસ્થિત રહ્યા હતા અને તેઓના હાથોથી દરગાહ ખાતે સંદલ શરિફની રશ્મ અદા કરવામાં આવી હતી.ત્યારબાદ સલાતો સલામ અને દુઆ કરાઈ હતી.આ પ્રસંગે હઝરત ગેબનશાહ બાબા દરગાહ કમિટી દ્વારા ભવ્ય નીયાઝનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં અકીદત મંદોએ નિયાઝનો લાભ લઈને ધન્યતા અનુભવી હતી

### શહેરાના ગેંગડીયામાં ગેરકાયદે ક્વાર્ટઝ ભરેલી ટ્રક અને જેસીબી સહિત મુદ્દામાલ સીઝ

**ગોધરા ।** પંચમહાલ જિલ્લામાં ખનીજ ચોરી ડામવા માટે ખાણ ખનીજ વિભાગે લાલ આંખ કરી છે. શહેરા તાલુકાના ગેંગડીયા ગામે જિલ્લા ખાણ ખનીજ વિભાગની



ટીમે ચોક્કસ બાતમીના આધારે દરોડા પાડીને ગેરકાયદેસર ક્વાર્ટઝ ખનીજનું વહન ઝડપી પાડ્યું હતું. ખાણ ખનીજ વિભાગની ટીમને ખાનગી રાહે બાતમી મળી હતી કે, શહેરાના ગેંગડીયા વિસ્તારમાં કેટલાક ઈસમો ગેરકાયદેસર રીતે ખનીજ ઉત્ખનન અને વહન કરી રહ્યા છે. આ બાતમીના આધારે ટીમે ઓચિંતું ચેકિંગ હાથ ધર્યું હતું. તપાસ દરમિયાન એક જેસીબી મશીન દ્વારા ટ્રકમાં ક્વાર્ટઝ ભરીને તેનું બિનઅધિકૃત વહન થતું હોવાનું સામે આવતા અધિકારીઓએ ત્વરિત કાર્યવાહી કરી હતી. ટીમે સ્થળ પરથી એક જેસીબી અને ખનીજ ભરેલી ટ્રક અટકાવી દીધા હતા અને બંને વાહનો સહિત કુલ 30 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. હાલમાં આ તમામ સીઝ કરેલ મુદ્દામાલને ગોધરા કલેક્ટર કચેરી ખાતે સીઝ કરીને સુરક્ષિત રાખવામાં આવ્યો છે.

# કાલોલ પોલીસે ગોમ નદી કિનારે ક્રિકેટ સટ્ટો રમાડતો ઈસમ ઝડપ્યો

**બિગ બેસ લીગ પર** મોબાઈલ મારફતે જુગાર, ત્રણ મોબાઈલ સહિત મુદ્દામાલ કબજે

(પ્રતિનિધિ) કાલોલ, તા.5

કાલોલ પોલીસે ચોક્કસ બાતમીના આધારે મોટી કાર્યવાહી કરી ગોમા નદીના કિનારે ઝાડી-ઝાખરાની ખુલ્લી જગ્યામાં ક્રિકેટનો સટ્ટો રમાડતા એક ઈસમને ઝડપી પાડ્યો છે. આ કેસમાં કુલ બે શખ્સો સામે જુગારધારા મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.



કાલોલની આશિયાના સોસાયટી પાછળ ગોમા નદીના કિનારે હાલમાં રમાઈ રહેલી બિગ બેસ લીગ 2025/26ની સિડની સિક્સર્સ અને બ્રિસબેન હીટ વચ્ચેની મેચમાં પ્રત્યેક ખેલાડીના પ્રદર્શન તેમજ ટીમની હાર-જીત પર મોબાઈલ ફોનના માધ્યમથી કાગળમાં આંકડા લખી જુગાર રમાડવામાં આવી રહ્યો હતો. પોલીસે મુસ્તુફાખાન હૈદરખાન પઠાણ, (રહે.કાલોલ)ને ઝડપી પાડ્યો હતો. તપાસમાં સામે આવ્યું કે આરોપી કાગળમાં બોલર-બેટ્સમેનની વિગત તથા બોલવાઈઝ સ્કોર લખતો હતો. એક મોબાઈલમાં Cricket Guru App દ્વારા લાઈવ મેચ જોઈ રહ્યો હતો. બીજા મોબાઈલમાં Zoom App મારફતે ગ્રાહકો સાથે ભાવતાલ નક્કી કરતો હતો. ત્રીજા મોબાઈલમાં Cricket Mazza App પર મેચ ચાલુ હતી. પોલીસે રૂ. 15,000 કિંમતના ત્રણ મોબાઈલ, રૂ. 2,950 રોકડા અને સટ્ટાના કાગળો મુદ્દામાલ તરીકે કબજે કર્યા છે. પૂછપરછ દરમિયાન આરોપીએ આ સટ્ટો મુક્તિયાર મકસુદ મલેક, રહે. કરીમ કોલોની, હાલોલના નામે લખાવતો હોવાનું સ્વીકાર્યું હતું.

# ડભોઈના રામટેકરી વિસ્તારમાં મકાનની ગેલેરી પર વીજપોલ અચાનક ધરાશાયી

**જીવંત વાયરો સાથે** પડતાં ભયનો માહોલ, સદનસીબે જાનહાનિ ટળી



(પ્રતિનિધિ)ડભોઈ, તા.5

ડભોઈના દશાલાડ વાડી સામે આવેલા રામટેકરી વિસ્તારમાં એક ક્ષતિગ્રસ્ત વીજ પોલ આકસ્મિક રીતે જમીન લેવલેથી તૂટી પડ્યો હતો. જીવંત વીજ વાયરોના માળખા સાથે આ પોલ નજીકના મકાનની ગેલેરી પર ધરાશાયી થતાં વિસ્તારના રહેવાસીઓમાં ભય અને અફરાતફરી મચી ગઈ હતી. જોકે સદનસીબે કોઈને ઈજા કે જાનહાનિ થઈ નથી.

પ્રાપ્ત માહિતી મુજબ, ગામ તળાવ કિનારા નજીક આવેલા રામટેકરી વિસ્તારમાં ચાલુ વીજ લાઈનો સાથેનો વીજ પોલ મોટા અવાજ સાથે તૂટી પડ્યો હતો. ઘટના સમયે ગેલેરીમાં કોઈ હાજર ન હોવાથી મોટી દુર્ઘટના ટળી હતી, પરંતુ અચાનક બનેલા બનાવે લોકોમાં આશ્ચર્ય અને ભયનું વાતાવરણ સર્જાયું હતું.

બનાવની જાણ થતાં જ MGVCLની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. વીજ કર્મચારીઓએ તરત જ વીજ પુરવઠો બંધ કરી સુરક્ષા વ્યવસ્થા ગોઠવી અને નવો વીજ પોલ નાખવાની કાર્યવાહી સાથે સમારકામ હાથ ધર્યું હતું. સમયસર પગલાં લેવાતા વિસ્તારના લોકોને રાહત મળી હતી.

### નગરમાં જોખમી વીજ પોલને લોખંડના સપોર્ટથી ઉભા રખાયા


ડભોઇ નગરમાં કેટલાક વિસ્તારોમાં MGVCL દ્વારા લોખંડ અને સિમેન્ટના ક્ષતિગ્રસ્ત વીજ પોલને લોખંડના પાટા અને ચપલા મારી સપોર્ટ આપી ઊભા રાખવામાં આવ્યા છે. આવા પોલ પર જીવંત વીજ વાયરો કાર્યરત હોવાને કારણે ભવિષ્યમાં અકસ્માતની શક્યતા નકારી શકાય નહીં. જો આવી રીતે કોઇ દુર્ઘટના ઘટે તો તેની સંપૂર્ણ જવાબદારી મધ્ય ગુજરાત વીજ કંપની પર જ રહેશે, તેવી ચર્ચા નગરમાં જોર પકડી રહી છે.

### કેનાલના સમારકામમાં વપરાયેલા સળિયા પણ બહાર નીકળી ગયા

# સંખેડાના ભાટપુર ટીંબા વચ્ચે ખુનવાડ માઈનોર કેનાલમાં ફરી ભંગાણ પડ્યું

(પ્રતિનિધિ) સંખેડા, તા.5

સંખેડા તાલુકાના ભાટપુર. ટીંબા વચ્ચે ત્રણ દિવસ પહેલા જ કેનાલ રીપેરીંગ કરવામાં આવી હતી પરંતુ પાણી આવ્યું અને કેનાલ ફરી તૂટી માટી સહિત ધોવાણ થતા કેનાલના સળિયા દેખાવા લાગ્યા બે બાજુ થોડા અંતરે જ ભંગાણ થયું હતું. બંને બાજુએથી મોટી માત્રામાં પાણી કોતરમાં વહી ગયું હતું. એક બાજુથી તો આશરે 15 ફૂટ જેટલું મોટું ભંગાણ થઈ ગયું હતું. પેરાફીટ પણ ધરાશાયી થઈ ગઈ હતી. કેનાલના સમારકામમાં વપરાયેલા સળિયા પણ બહાર નીકળી ગયા હતા.



ખેડૂતોનો આક્ષેપ છે કે કેનાલનું સમારકામ નબળી ગુણવત્તાવાળું થયું છે. માઈનોર કેનાલનું જે કામ થયું છે એ ખૂબ જ તકલાદી થયું છે. એનાથી સિંચાઈનો લાભ મળવો જોઈએ તેમ મળતો નથી. હલકી કક્ષાનું કામ થાય છે. જો તપાસ થાય તો મોટા પાયે ભ્રષ્ટાચારનો આક્ષેપ કરતા ભાટપુરના ખેડૂત પ્રશાંત પરમાર દ્વારા જણાવ્યું હતું.

પહેલાં જ પાણીએ તૂટીને ખલાસ થઈ ગઈ ખુનવાડ માઈનોર જે ભાટપુરથી પસાર થઈને અહીં આવે છે એ વર્ષોથી તૂટેલી હતી. આજ વર્ષે રીપેર કરી, પણ તે તકલાદી કામને કારણે પહેલાં જ ત્રણ દિવસમાં પાણી આવતા તૂટીને ખલાસ થઈ ગઈ છે. તેમ ટીંબા ગામના ખેડૂત હરિવદન પટેલે જણાવ્યું હતું અને હવે કોન્ટ્રાક્ટરને પાસે ફરી કામ કરાવવાના છીએ. કેનાલ રીપેર કરવા પથરા બધા કાઢી નાખ્યા અને ખેડૂતોએ જે અંદરની બાજુમાં પાણી લઈ જવા માટે કોન્ક્રીટનું લાઈનિંગ કામ પૂરું કર્યું. રાત્રે ખેડૂતોએ પાણી લઈ જવા માટે પથરા પાછા ગોઠવી દીધા અને પાણી આમાં ચાલુ કરી દીધું. તાજુ જ કોન્ક્રીટ કરેલું હોય એટલું બધું નુકસાન થયું છે.

# ઘોઘાદેવ ગામે ખાતેદારોની જમીનોનું પુન: રિ-સર્વે કરવા કલેક્ટરને આવેદન

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.5

છોટાઉદેપુર તાલુકાના ઘોઘાદેવ ગામે ખેડૂત ખાતેદારોની જમીનોનું પુનઃ રિ-સર્વે કરવા ખેડૂતો દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપવામાં આપ્યું હતું.



છોટાઉદેપુર તાલુકાના ઘોઘાદેવ ગામે ખેડૂત ખાતેદારોના જમીન સર્વે નંબરોનું રિ-સર્વે કરવામાં આવેલ છે. જેમાં જુના સર્વે નંબરોની જગ્યાએ નવા સર્વે નંબર આપેલા છે. અને જૂના નકશાની જગ્યાએ નવા નકશાઓ તૈયાર કરવામાં આવેલ છે.જેમાં થોઘાદેવ ગામના ખેડૂત ખાતેદારોના સર્વે નંબરો પૂર્વ બાજુના પશ્ચિમ બાજુ અને પશ્ચિમ બાજુના પૂર્વ બાજુ તેમજ ઉત્તર બાજુના દક્ષિણ બાજુ, દક્ષિણ બાજુના ઉત્તર બાજુ નવા નકશામાં બતાવે છે. તેમાં તમામ સર્વે નંબરો અલગ-અલગ અને ઉલટ-સૂલટ બતાવે છે.જેથી ખેડૂતોને જયારે પણ નકશાની જરૂર પડે છે.ત્યારે સ્થળ ઉપર અલગ અને નકશામાં અલગ બતાવે છે. જેના કારણે ખૂબ જ મોટી વિસંગતતા ઉભી થાય છે.અને ખેડૂતોને કોઈ પણ કામ કરવા માટે આ વિસંગતતાને લીધે વીજળી કનેકશન કે અન્ય સરકારી કામ માટે અનેક કામો અટવાય ગયા છે. જેથી ઘોઘાદેવ ગામના ખેડૂત ખાતેદારોએ ઘોઘાદેવ ગામે આખા ગામની જમીનમાં તાત્કાલીક ધોરણે રિ-સર્વે કરવામાં આવે અને જેમાં ગામના તમામ ખેડૂત ખાતેદરોને સાથે રાખી પુનઃ રિ-સર્વે કરવામાં આવે તેવી માંગ કરી હતી.

### ગરબાડા આઝાદ ચોક પાસે હાઈવે પર ચાઈનીઝ દોરીનો કહેર, બાઈકચાલકનો બચાવ

(પ્રતિનિધિ) ગરબાડા, તા.5

ગરબાડા આઝાદ ચોક વિસ્તારમાં હાઈવે પરથી પસાર થઈ રહેલા એક બાઈક ચાલકને અચાનક જીવલેણ અકસ્માતનો સામનો કરવો પડ્યો હતો. હાઈવે ઉપર લટકતી ચાઈનીઝ દોરી બાઈક ચાલકના ગળાના ભાગે અડફેટે આવતાં ગળું કપાઈ જવાની ઘટના બની હતી. ક્ષણભરમાં ગંભીર પરિસ્થિતિ સર્જાઈ હતી.



અકસ્માત દરમિયાન રસ્તા પરથી પસાર થઈ રહેલા એક સચેત યુવકે તાત્કાલિક સમજદારી દાખવી દોરી પકડીને બાઈક ચાલકને ઊભો રાખ્યો હતો. યુવકની સમયસર સાવચેતીને કારણે ગળાને વધુ ગંભીર ઈજા થતી અટકી અને બાઈક ચાલકનો આબાદ બચાવ થયો હતો. અકસ્માત બાદ બાઈક ચાલકે નજીકના દવાખાને જઈ સારવાર કરાવી હતી.

# વઢવાણા તળાવનું રામસર વેટલેન્ડ તરીકેનું ડેવલોપમેન્ટ નિષ્ફળ

**પક્ષીતીર્થ તરીકે** ઓળખ ધરાવતા તળાવના વિકાસમાં વનવિભાગ પાંચ વર્ષમાં કોઈ નોંધપાત્ર પ્રગતિ કરી શક્યું નહીં





(પ્રતિનિધિ) ડભોઈ, તા.5

મધ્ય ગુજરાતનું એકમાત્ર અને પક્ષીતીર્થ તરીકે ખ્યાતિ પામેલું વઢવાણા સિંચાઈ તળાવ, જે છેલ્લા પાંચ વર્ષથી રામસર વેટલેન્ડ સાઈડ તરીકે જાહેર થયેલું છે, તેનું વિકાસ કાર્ય સંપૂર્ણપણે નિષ્ફળ ગયાનું ચિત્ર સામે આવ્યું છે. રામસર સાઈડનો દરજ્જો મળ્યા બાદ પણ માછીમારીના ઈજારા સિવાય તળાવના સંરક્ષણ અને વિકાસ માટે કોઈ નવી પહેલ કરવામાં આવી નથી.

વનવિભાગના જવાબદાર અધિકારીઓએ ગુજરાતમાં અન્ય રામસર સાઈડ તરીકે જાહેર થયેલા તળાવોની મુલાકાત લઈ અભ્યાસ કરવાની જરૂર હોવાનું સ્થાનિકો અને પર્યાવરણપ્રેમીઓનું માનવું છે. વઢવાણા તળાવને રામસર સાઈડ તરીકે વિકસાવવા માટે જરૂરી માળખાકીય સુવિધાઓ અને પક્ષીઓની સુરક્ષા માટે જરૂરી પગલાં લેવાતા નથી.

વઢવાણા રામસર વેટલેન્ડ તળાવના વિશાળ વિસ્તારમાં ચાર વિભાગમાં વહેંચી લાલ ઝંડીઓ લગાવી ઝોન પાડી પક્ષીઓની ગણતરી શરૂ કરવામાં આવી હતી. એટલું જ નહીં, તળાવની આસપાસના ખેતરો, જળાશયો, ખાબોચિયા અને નાનાં તળાવો સહિત કુલ સાત વિસ્તારોમાં 13 ટીમો દ્વારા ગણતરી હાથ ધરાઈ હતી. જો કે, ત્રણ દિવસ ચાલેલી પક્ષી ગણતરીમાં વર્ષ 2021થી સતત પક્ષીઓની સંખ્યામાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. આ વર્ષે પણ પક્ષીઓની સંખ્યા ઓછી જોવા મળતાં અનેક કારણો સામે આવ્યા છે.

### પક્ષીઓ ઘટવાના મુખ્ય કારણો

**રામસર** વેટલેન્ડ હોવા છતાં કોઈ સુવિધાનો વિકાસ નહીં
**પક્ષીઓ** માટે સલામતીની અછત
**ઓછી ઠંડી** અને અનુકૂળ વાતાવરણનો અભાવ
**મત્સ્ય ઉછેરનો** ઇજારો અપાતા તળાવમાં વધુ પાણી ભરાવ
**પક્ષીઓ** નજીકના તળાવો અને જળાશયો તરફ સ્થળાંતર કરવા મજબૂર
**ત્રણ દિવસની** ગણતરી બાદ પણ વનવિભાગ પાસે કોઈ નોંધપાત્ર આંકડો ન હોવાને કારણે વઢવાણા તળાવનું રામસર સાઇડ તરીકેનું ડેવલોપમેન્ટ નામ પૂરતું જ રહી ગયું હોવાનું સ્પષ્ટ થયું છે.